**વંચાણે લીધાઃ– (૧) નામદાર ગુજરાત હાઈકોર્ટનો પરીપત્ર નં.ડી.૨૯૧૭/૨૦૦૬.**
**(૨) નામદાર ગુજરાત હાઈકોર્ટ અને ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ સાહેબશ્રીના તા.૨૬/૦૬/૨૨ ના રોજ સ્પેશિયલ સીટીંગ ઓફ મેજિસ્ટ્રેટ માં નજીવી બાબતના કેસીસ ના નિકાલ બાબતના પરીપત્ર અને દિશા–નિર્દેશ**

**<u>ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૮ મુજબ આંક–૦૧ નીચે હુકમ</u>**

(૧) આ કામે આરોપી/ઓને અનેક વખત સમન્સ/વોરંટ કાઢવામાં આવેલ છે તેમ છતાં હાલના કેસમાં અનેક તક આપવા છતાં પોલીસ આરોપી/ઓને હાજર રખાવવામાં નિષ્ફળ ગયેલ છે. આ કામે હાલનો કેસ તે નજીવી બાબતનો પ્રોહીબીશન દેશી દારૂ લીટર.....પઝેશનનો કેસ છે. પ્રોસીડીંગ જોતા હાલનો કેસ ઘણા સમયથી મૃતપ્રાય અવસ્થામાં રહેલ છે.

(૨) આજરોજ નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે. જે અંગે જુદા જુદા પત્રો અન્વયે કેસો ફેસલ કરવા માટેની જે માગદર્શિકાઓ આપવામાં આવેલ છે તે લક્ષમાં લેતા તથા ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસ ઓથોરીટીના નોટીફીકેશન અન્વયે ચેરમેનશ્રી, મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કમીટી, ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ અમદાવાદનાઓના નોટીફીકેશનને વંચાણે લેતા તેમાં સ્પષ્ટ પણે જણાવેલ છે કે,

> "Special sitting of All Metropolitan Magistrates is organized to dispose of petty matters cases under IPC, B.P. Act or G.P.Act, Gambling Act, Prohibition Act Traffic N.C. Challan, S<u>top Proceedings under section 258 or 256 of CRPC, withdrawal of Cases U/s. 321 of CRPC, Dormant Cases, other Specified Cases etc. according to prescribed procedure of law.</u>

(૩) હાથ ઉપરના કેસમાં ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૮ મુજબ હુકમ કરી શકાય કે કેમ? તે અંગે **સ્ટેટ ઓફ ગુજરાત વિ. ગોરધનભાઈ ચંદુભાઈ પટેલ, ૧૯૯૭ (૩) જી.એલ.આર. ૧૯૪૬ તથા પી. આર. રાવ વિ. સ્ટેટ ઓફ કર્નાટકા, ૨૦૦૨ (૨) જી.એલ.આર. ૧૫૪૯ તથા વિવિધ ઉચ્ચ અદાલતોના ચુકાદાઓનો અભ્યાસ કરતા** તેમાંથી એવું તારણ નીકળેલ છે કે,

> Section 258 of the Code which empowers to stop the proceedings in certain cases is intended to meet with certain situations, where the presence of any accused persons cannot be secured or presence of any important witness cannot be secured by the prosecution which is necessary for the trial of the case. Therefore, Where the Magistrate does not find it possible to disposed of the matter by adopting

normal procedure contemplated by the Code for one reason or other as herein above stated, in such a situation it would be open to the Magistrate to stop further proceedings of the case. Section 258 of the Code can be restored to where the special or unusual circumstances exist, such as non-appearance of the accused before the Court for considerable time or of the important witness of the prosecution, which make it difficult or impossible for the Magistrate to proceed with the case in normal way.

(૪) હાથ ઉપરના કેસમાં પણ આરોપી/ઓને શોધવા પોલીસને વ્યાજબી તકો આપવા છતાં પોલીસ આરોપી/ઓને હાજર રખાવી શકેલ નથી કે સમન્સ/વોરંટ બજાવી શકતી નથી જેથી ટ્રાયલ ચલાવવી લગભગ અશકય બની ગયેલ છે અને નજીકના ભવિષ્યમાં પણ પોલીસ આરોપી/ઓને શોધીને રજુ કરી શકે તેવી શકયતા અગાઉનું પ્રોસીડીંગ જોતા જણાતું નથી. વધુમાં ક્રિ.પ્રો.કોડનો પર્યાય જોતા, ભવિષ્યમાં આરોપી/ઓને ફરીયાદપક્ષ અગર પોલીસ રજુ કરે કે આરોપી/ઓ સામેથી હાજર થાય તો હાલની કેસની કાર્યવાહી ક્રિ.પ્રો.કોડની કલમ ૩૦૦(૫) મુજબ નવેસરથી શરૂ કરવાના ફરીયાદ પક્ષના હકકને આ હુકમથી કોઈ બાધ રહેશે નહિ તથા તેવા કિસ્સામાં આ કોર્ટે ઉપરોકત કલમ મુજબ કાર્યવાહી કરવાની પરવાનગી આપેલ છે તેમ ગણાશે. ઉપરોકત પરિસ્થીતીઓ, પરીબળો, કારણો તથા સંજોગો ઘ્યાને લેતા ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## **: : હુકમ : :**

ક્રિ.પ્રો. કોડની ની જોગવાઈઓ મુજબ આરોપી/ઓ સામેની કાર્યવાહી સ્ટોપ કરવાનો હુકમ કરવામાં આવે છે તથા આ કામે આરોપી/ઓને બિન તોહમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ અંગે કોઈ અગાઉ હુકમ થયેલ હોય તો તે અપીલ સમય બાદ કાયમ કરવામાં આવે છે અન્યથા તેનો નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં ભવિષ્યમાં આરોપી/ઓને ફરીયાદપક્ષ અગર પોલીસ રજુ કરે કે આરોપી/ઓ સામેથી હાજર થાય તો હાલની કેસની કાર્યવાહી ક્રિ.પ્રો.કોડની કલમ ૩૦૦(૫) મુજબ નવેસરથી શરૂ કરવાના ફરીયાદ પક્ષના હકકને આ હુકમથી કોઈ બાધ રહેશે નહિ.

હુકમ આજ તા. ૧૩ મી, માહે ઓગષ્ટ, સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલત (સ્પેશીયલ સીટીંગ) માં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**(ડૉ.આર.એન.કરનાની)**
એડી. ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૫ (સ્પેશીયલ સીટીંગ), અમદાવાદ.
**જજ કોડ નં. જીજે ૦૧૦૮૦**

તા. ૧૩/૦૮/૨૦૨૨.
મુ. અમદાવાદ.